# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૪ ● સળંગ અંક : ૫૬ ● તા. ૦૬ જુલાઈ થી ૧૨ જુલાઈ ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કે.ડી.ઓ. ટોક્સનો શુભારંભ



જે મસ્તી હોય આંખોમાં, તે સુરાલયોમાં નથી હોતી,
અમીરી કોઈ અંતરની, મહાલયમાં નથી હોતી.
શીતળતા પામવાને હે માનવી તુ દોટ કાં મૂકે?
જે માની ગોદમાં હોય છે, તે હિમાલયમાં નથી હોતી.

- સુરેન ઠાકર "મેહુલ"




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સર્વથા ત્યાગને લાયક અહંકાર

દરેક વ્યક્તિ વધતે ઓછે અહંકારથી પીડાતો હોય છે. કોઈને ધનનો, કોઈને તનનું, કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને પરિવારનું-પૂર્વજોના નામ-કામનું અભિમાન હોય છે. આપણે અન્યથી ચડિયાતા માનીએ એટલે અહંકારનું બીજ વવાઈ જાય. જો એની પ્રત્યે લક્ષ ન અપાયતો તે વધુને વધુ ઊંચે ચડી જાય છે. પછી એનું ટ્રીમીંગ કરવું, કાપવું કે જડમૂળથી નાશ કરવું મુશ્કેલ ભર્યુ થાય છે. જ્ઞાનનો અને ત્યાગનો પણ માણસને અહંકાર હોય છે. ધનવાનોને પ્રાપ્ત થયાનો અહંકાર છે. તો ત્યાગીને છોડ્યાનો અહંકાર રહે છે. અહંકાર તો છેવટે માણસનું પતન કરે છે. તેનું અસ્તકાળ સર્જે છે.

અહંકારી વ્યક્તિ કોઈના આગળ નીકળી જવાથી, કોઈ એનું કહ્યું ન માનવાથી કોઈ એને સરખા માનપાન ન આપયા એનો ક્રોધ શિરે ચડી બોલે છે. અને મોઢાથી કડવા વહેણ નીસરી જાય છે. અયોગ્ય વર્તાવ થઈ જાય છે. આ માત્ર માણસના અહંકારથી થાય છે. જેટલો અહંકાર વધે છે એટલાં સુખચેન અને શાંતિ હણાઈ જાય છે. સજ્જન પણ શેતાન બની જાય છે.

હું કંઈક છું. હું બધાથી ચડિયાતો છું એ ભાવનાની લાલચ પણ અહંમ પદની અસર છે.. કોઈ આપણને સતત માન પાન આપે, સારો આદર સત્કાર આપે. ધન-પદ-સતા પ્રતિષ્ઠાના વાધા પહેરાવે, ઊંચા આસને બેસાડે એવો ખ્યાલ કરનારે એટલું યાદ રાખવું જોઈએ કે ઊંચા-માન-પાન મળે એ સ્વાર્થ વગર ભય વગર મળવા જોઈએ. પરાણે પ્રીત આપે એવા ન હોવા જોઈએ સ્વાર્થનો સંબંધ ક્ષણિક જેવો હોય છે. સ્વાર્થ પૂરો થઈ ગયા પછી સમીપ રહેતા સગાંઓ પણ આઘે આઘે સરી જાય છે કે ક્યાંય નજરે ચડતા નથી.

સારા સમયનું થતું અભિમાન ખરાબ સમય આવે ત્યારે જીવવું આકરું કરે છે. સમય ગમે એવો ઊંચો નીચો હોય. સૌ સાથે સારપથી વર્તીએ, સ્નેહ, સૌહીર્દપૂર્વક હળીએ મળીએ અને સૌની સાથે ભળીએ તો કપરા સમયમાં પણ આપણે હળવા ફૂલ રહી શકીએ છીએ. સૌના આદર પાત્ર બની. માનપાન આસાનીથી પામી શકીએ છીએ.

માણસ બધુ ત્યાગી દે, છોડી દે, સાધુ-સંન્યાસી થઈ જાય તો પણ મનમાં સૂક્ષ્મ સજીવ રહેલો અહંકાર જીવતો રહે છે. મારો સંપ્રદાય શ્રેષ્ઠ, મારા શિષ્યો ઉચ્ચપ્રકારના, મારો મઠ ઉતમ, મારો વાણી પ્રવાહ, મારો બોધ, ઉપદેશ સરળ અને સમજવા લાયક. આ લાગણી ભાવ એ પણ ગુમાનનું સર્જન કરે છે. ત્યાગ માત્ર બતાવવાથી તેનો અંચળો ઓઢી લેવાથી હેમ ખેમ નથી રહી શકાતું. અસલી ચહેરો વર્તન, વાણીથી ક્યારેક તો બહાર પ્રગટી ઉઠે છે. આ કૃત્રિમતા બહાર ખૂલ્લી પડી જાય છે. ત્યારે આપણે કોઈને મોઢું બતાવવાને લાયક રહેતા નથી. આ જ સચ્ચાઈ છે. આ જ જીવનની શિખામણ છે. એટલે જ સંત કબીર લખી ગયા છે કે

લેને કો સંતનામ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડુબને કો અભિમાન

માટે નમ્રતા રાખીશું તરી જઈશું તો ગર્વ, ગુમાન ને અભિમાનથી ક્યારે કને ક્યારેક ડૂબવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# કેડીઓ ટોક્સનો શુભારંભ










આજના વ્યસ્ત અને ત્રસ્ત સમયમાં જીવન ગુજારતા સૌને સમય ક્યાં બચશે એની ચિંતા હોય છે. સમયના અભાવે રીડીંગ એટલે કે વાંચનનો પ્રભાવ અને પ્રસારમાં કમી આવી છે. ચોવીસ કલાક હથેળીમાં સમાયેલો રહેતો મોબાઈલ ફોન અને આંગળીના ટેરવા ફેરવી આસાનીથી મળી જતી માહિતીનો જમાનો પૂરજોશમાં જીવાઈ રહ્યો છે. પરિવર્તન કુદરતનો નિયમ છે એ સમજી સમય પ્રમાણે કદમ મિલાવતા શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની મિડીયા કમિટીએ એક ક્રાંતિકારી






પગલું ભર્યું છે અને આપણા યુવા વર્ગને સમાજના મેસેજ, સમાજનો ઈતિહાસ, જ્ઞાતિના આગેવાનોની વિચારધારા ઈલેક્ટ્રોનિક માધ્યમથી સુલભતાથી પહોંચાડવા કેડીઓ ટોક શૉ (KDO Talk Show)નું શુભારંભ કરાયો છે. આ શોમાં જ્ઞાતિની બહુમુખી પ્રતિભા, વિવિધ ક્ષેત્રમાં સિધ્ધહસ્ત કામ કરેલ અગ્રણી જનોના વિચાર તેઓની સિધ્ધિ શિખર પહોંચવાની સફર વિષે જાણવા લાયક માહિતી, રસપ્રદ વિગતોથી સૌ વાકેફ થશે. જેથી આજની યુવાપેઢી પણ આમાંથી પ્રેરણા લઈ શકશે.

ગત શુક્રવારના જ્ઞાતિ શ્રેષ્ઠી મણિકાંત ધુલ્લા સાથેનો પ્રથમ એપિસોડ રીલીઝ થયો જેને દેશમાંથી જ નહીં વિદેશમાં પણ સારો રિસ્પોન્સ મળ્યો. યુ-ટ્યુબ, ફેસબુક જેવા વિવિધ ઈલેક્ટ્રોનિક માધ્યમના પ્લેટફોર્મ ઉપર રીલીઝ થતાની સાથે સારી એવી લાઈક મળી હતી. આ તો હજી માત્ર શરૂઆત છે.

ઈલેક્ટ્રોનિક મિડિયા આજનો ઉપયોગી-ઝડપી અને વિસ્તરતો લોકપ્રિય માધ્યમ છે. જે આસાનીથી સૌને એકબીજાની સાથે કોન્ટેક્ટ કરે છે. ધારિણી પ્રતાપભાઈ શાહ (મોતા)એ આ શૉ નું એન્કરીંગ કર્યું છે.






આવી જ રીતે સમસ્ત મહાજનશ્રીની મિડીયા કમિટી દ્વારા દર માસના પ્રથમ રવિવારે પાંચ વ્યક્તિઓના ઈન્ટરવ્યુ લેવાશે અને તેને ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં અપલોડ કરાશે.

સૌ જ્ઞાતિજનોને તેમણે જાણ હોય એવા અને જેમણે સમાજ, સ્પોર્ટસ, કલા, કૌશલ, એડવેન્ચર જેવા વિવિધ કાર્યોમાં સિધ્ધિ મેળવી હોય. પ્રેરણા ભર્યું કામ કર્યું હોય. નામ મેળવ્યું હોય તેની વિગત અમને જણાવે જેથી મિડીયા કમિટી જે તે સિધ્ધ હસ્ત પ્રતિભાનો ઈન્ટરવ્યુ લઈ કેડીઓ ટોક્સ શૉમાં સમાવેશ કરશે. વધુ વિગત માહિતી માટે જંયત વી.છેડા-૯૩૨૨૨૫૭૭૩૧ અથવા મનિષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪નો સંપર્ક કરવો.

# વિરાર સંઘમાં આધ્યાત્મયોગી યોગી ગુરૂદેવનું મહામાંગલિક યોજાયું





આધ્યાત્મ યોગી ગુરૂદેવ પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.આદિઠાણાની નિશ્રામાં તા. ૩ જુલાઈ બુધવાર રોજે વિરાર સંઘમાં મહામાંગલિકનું આયોજન કરવામાં આવેલ. જેનો સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાએ લાભ લઈ ધન્ય થયા હતા.

# અગાસી સંઘમાં અષાઢી બીજ શુભદિને પૂ.આધ્યાત્મયોગી ગુરૂદેવ વાસક્ષેપ આશીષ પ્રદાન કર્યા

તા. ૪ જુલાઈ ૨૦૧૯ ગુરૂવાર રોજે અગાસી તીર્થ ધામે કચ્છી નવલાવર્ષના પાવન દિને ૧૧ લાખ વર્ષ પ્રાચીન અને ચમત્કારિક પ્રભાવી મુનિસુવ્રત સ્વામીના દર્શનાર્થે તથા પ્રભાવક વાસક્ષેપ પ્રદાતા આધ્યાત્મયોગી પૂ.ગુરૂદેવશ્રી ઉદ્યરત્નસાગરજી મ.સા.ને વંદના આ સાથે આશીષ લેવા સમગ્ર મુંબઈભર કચ્છી સમાજના પરિવારો સવારે ૮ થી ૧૧ તેમજ સાંજે ૪ થી ૬ દરમ્યાન અગાશી અચલગચ્છ જૈન સંઘ જયેશ ભવન અગાશી તીર્થે પધારી ધન્યતા અનુભવી હતી.




# શ્રી ગોરેગાંવ સંઘમાં ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે થયો





શ્રી ગોરેગાંવ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘમાં પ.પૂ.આ.શ્રી હિત ગુણાશ્રીજી મ.સા.તથા પ.પૂ.આ.શ્રી નિર્મિત ગુણાજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે થયો. સકળ સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકાઓએ તેમનું ભવ્ય રીતે સામૈયું કર્યું હતું. પ.પૂ.સા.શ્રીઓના મંગલ પ્રવેશથી સૌ આનંદિત થયા હતા અને ભાવપૂર્વક માંગલિક અને વ્યાખ્યાનનો લાભ લીધો હતો.






# સમસ્ત જૈન જ્ઞાતિ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા




જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ બોરીવલી દ્વારા વર્ષ ૨૦૧૨ થી લગભગ ૧૪૦ જેટલા વિદ્યાર્થીનો સમાવેશ થઈ શકે એવી હોસ્ટેલ સંચાલિત કરાય છે. આ હોસ્ટેલ સમસ્ત જૈન ધર્મી યુવક વિદ્યાર્થીઓ માટે રહેવાની સુવિધા સાથે જિનાલય, હાઈજેનિક ફૂડ, લાયબ્રેરી અને વાઈફાઈ પ્રદાન કરે છે. ધોરણ ૧૧ થી અને તેનાથી ઉપર ધોરણમાં અભ્યાસ કરતા જૈન ધર્મી વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ ટ્રસ્ટનો બાકી રહેલ લિમીટેડ સીટો માટે વહેલી તકે સંપર્ક કરવો.

મેનેજમેન્ટ ઓફિસ જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ ૬૦૨ વેસ્ર્ટન એજ-૧ વેસ્ર્ટન એક્પ્રેસ હાઈવે બોરીવલી (પૂર્વ) મું-૬૬, સંપર્ક નં ૯૩૨૧૯૫૨૧૦૦, ૯૩૨૪૯૭૭૧૮૫. ઈમેઈલ આઈડી jeet@jeetindia.org વેબસાઈટ www.jeetindia.org હોસ્ટેલ સરનામું શ્રી આદિનાથ વિદ્યાપીઠ રાજસ્પર્શ પ્લોટ નં જી-૨૨, સેક્ટર ૨૦, બાબુલાલ પન્નાલાલ જૈન માર્ગ, વિદ્યા પ્રસારંક હાઈ સ્કૂલની પાસે, સી.બી.ડી. બેલાપુર નવી મુંબઈ ૪૦૦ ૪૧૬, સંપર્ક- ૯૩૨૨૮૫૨૧૦૦ ઈમેઈલ - sav@jeet india.org.


## જ્ઞાતિમૈયા માં

**આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટસએૅપ પર મોકલો**

**9322257731**

Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in

IATA Accredited Agent

# શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ
# ચાલીસગામના આધાર સ્તંભ દાતાઓ

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા દ્વારાટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ. પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ તેમજ તેમના માર્ગદર્શનથી ટ્રસ્ટ ના કાર્યો ગરીબોને ભોજન કરાવવામાં આવે છે.

જેના કાયમી દાતાઓના નામ : ૧) વેરશી રતનશી ગડા (મુલુંડ), ૨) દેવજી દામજી કુરૂવા (ક્રિષ્ણા હસ્તે જવાહરલાલ દેવજી કુરૂવા - કાંદીવલી), ૩) સરલાબાઇ ગંગાજર મોમાયા (પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના દીક્ષા નિમિત્તે - ચેન્નાઇ), ૪) વિમલાબેન શશીકાંત લોડાયા (અંકલેશ્વર), ૫) પ્રિયમવંદાબેનના સ્મરણાર્થે (માતુશ્રી દેવકુવરબાઇ, પિતાશ્રી - મેઘજી ધરમશી હસ્તે ઉર્વશી, વિધાતા તક્ષશીલા મેઘજી ધરમશી - તારદેવ), ૬) દેવજી કેશવજી માડણ લોડાયા (ચાલીસગામ) (સુશીલા ગિરીશ ભાટે ચાલીસગામ), ૭) માતુશ્રી પુરબાઇ કુંવરજી ધરમશીના પુત્રવધુ લીલાવંતી રતીલાલ ધરમશીના સ્મરણાર્થે, પુના, ૮) સ્નાત્ર મંડળ, પુણ્યગુણ સમુહ સામાયિક મંડળ (ગદગ), ૯) લક્ષ્મીબાઇ માણેકજી મૈશેરી (રાયપુર), ૧૦) પદમકુમાર ડી. નાગડા (હુબલી-જન્મદિવસ નિમિત્તે), ૧૧) પુર્ણીમાબેન પદમકુમાર નાગડા (હુબલી), ૧૨) જેઠાભાઇ કેશવજી પરિવારની પુત્રીઓ (તરલા કુમાર અજાણી, જયશ્રી પ્રફુલ મોતા, હીના ઉમેશ જવેરી, ગોપીકા કાર્તિક મૈશેરી, ચેન્નાઇ પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના દીક્ષા નિમિત્તે.

# શ્રી સુવિધિનાથ જૈન દેરાસર – તિરૂપુર

તા. ૨૨-૬-૨૦૧૯ના દેરાસર ખાતે મણીભદ્ર રથની પધરામણી થઇ હતી તે પ્રસંગે પુ. ગુરૂદેવ શ્રી ભાગચંદ્ર વિજયજી મ.સા. ઉપસ્થિત હતા. ભાવિકો સારી સંખ્યામાં ઉપસ્થિત હતા.

|| શ્રી પદ્મપ્રભસ્વામી ને નમઃ || આર્ય-જય કલ્યાણ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય સૂરીભ્યો નમઃ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ચાલીસગામ તીર્થ

## ભવ્યાતિભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ

**આષાઢ સુદ ૧૩ તા. ૧૪-૭-૨૦૧૯ રવિવાર સવારના ૯.૦૦ કલાકે**

**ચાતુર્માસ સ્થળ : શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ**

દેવાધિદેવ, કરૂણાસાગર શ્રી પદ્મપ્રભસ્વામીની પરમ અનારાધાર કૃપાએ, રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. અમીદ્રષ્ટીએ કૃપાઆશિષ તપચક ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. એવમં મંગલઆશિષ શ્રી કલા-કવી-વીર-મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
સહસ્ત્રકૂટઆરાધિકા સાધ્વીમુખ્યા પરમવિદુષી પ.પુ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પરમવિદુષી
પ.પુ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પુ. મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પુ. કનકગુણાશ્રીજી મ.સા.,
પ.પુ. કૃતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પુ. મહાવ્રતગુણાશ્રીજી મ.સા., પ.પુ. હિરગુણાશ્રીજી મ.સા.
આદિઠાણા ૪નું ચાતુર્માસ શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પ્રાપ્ત થયેલ છે.

**સામૈયું : શેઠ શ્રી ઝવેરચંદ વેલજી મોમાયા, એમના નિવાસસ્થાન, ધુલીયા રોડ થી શરૂ થશે.**

સંપર્ક : ઇંદ્રેશભાઇ પોલડિયા (અધ્યક્ષ) - 9975701977
ચંદ્રેશભાઇ લોડાયા (માનદમંત્રી) - 9422779721 હેમંતભાઇ નાગડા (મેહતાજી) - 7757008082

આ પાવન પ્રસંગે સકલ સંઘોને, ગુરૂભક્તોને, પુજ્યશ્રીઓના સંસારી સ્વજનોને પધારવા હાર્દિક નિમંત્રણ...
નોંધ : બહારગામથી પધારનાર મહેમાનોએ અગાઉથી જાણ કરવા વિનંતિ જેથી વ્યવસ્થામાં સુગમતા રહે.

# અનંતનાથ કોમ્પલેક્સ – કાંજુરમાર્ગ જિનાલયની વર્ષગાંઠ મહોત્સવ યોજાયો

અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ તથા ક.દ.ઓ. કાંજુરમાર્ગ જૈન સંઘ દ્વારા શ્રી વીમલનાથ દાદાની દ્વિતીય વર્ષગાંઠ ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ. વીપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય, પ.પુ. રક્ષિતગુણાશ્રીજીને, પ.પુ. જીનવર ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયો હતો. રવિવાર, ૧૨-૫-૨૦૧૯ના અઢાર અભિષેક રાખેલ. સાધર્મિક ભક્તિ અને સાંજે ચોવિહાર શ્રી ક.દ.ઓ. કાંજુરમાર્ગ સંઘ તરફથી રાખવામાં આવેલ હતા.

૧૩-૫-૨૦૧૯ સોમવારના શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા રાખેલ હતી. પૂજાના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંઢીયા). ૧૪-૫-૨૦૧૯ના શ્રી વિમલનાથ દાદાની તૃતીય ધ્વજાના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંઢીયા). ધ્વજા બાદ સાધર્મિક ભક્તિ શ્રી અનંતનાથજી મહારાજ દેરાસર તથા કાંજુરમાર્ગ સંઘે લાભ લીધેલ હતો. દરરોજ પ્રભુજીની આંગી કરવામાં આવી હતી. દરરોજ રાત્રે પ્રભુજીની ભક્તિ-ભાવના રાખવામાં આવેલ હતી.

# ઘાટકોપરમાં હોમિયોપેથિક મેડીકલ કેમ્પનું આયોજન

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૭-૦૭- ૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૭-૦૭-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૮-૦૭-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

# શ્રી રાપર ગઢવારી નાની સિંધોડી જૈન સંઘ

સંઘ આયોજીત ૧૨૭ મો ત્રિહાનિકા ધ્વજા મહોત્સવ પ.પૂ. ગચ્છાધિપતિ રાષ્ટ્ર સંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ ના શિષ્યરત્ન, પુ. મોક્ષેસચંદ્ર સાગરજી મ.સા. તથા શ્રી બંદાકરસાગરજી મ.સા.ની નિશ્રા પુ. મુક્તિરત્નસાગરજી મ.સા., પુ. મહાયશાશ્રીજી મ.સા.ની આશીષ નિશ્રામાં યોજાયો જેમાં શ્રી રાપર નાની સિંધોડી ગામ વાસીઓ તેમજ નિયાણી બેનોની તેમજ જ્ઞાતિ આગેવાન શ્રી પ્રવિણ લોડાયા અને શ્રી કલ્પેશ મોતાની હાજરી હતી. શ્રી પાર્શ્વપદ્માવતી પુજન, શ્રી અઢાર અભિષેક અને ધ્વજા આરોહણ (સત્તરભેદી પુજા) વિધીકાર શ્રી કેવલ સાવલા સંગીતકાર શ્રી કિશોર સાંગાર સથવારે ભણાવી. લાભાર્થી પરિવાર માતુશ્રી શોનબાઇ વિસનજી નાગડા હસ્તે અ.સૌ. પ્રવિણાબેન હિરાચંદ નાગડા.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# તેરાતીર્થમાં પ.પૂ.આનું ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો





તા.૪ જુલાઈ ગુરૂવાર રોજે કચ્છની પંચતીર્થીમાંના એક એવા તેરાતીર્થમાં પ.પૂ. સાધ્વીજી જયધર્માશ્રીજી મ.સા.નું ચાતુર્માસ મંગલપ્રવેશ ભવ્યતાથી થયું સકળ સંઘ દ્વારા તેમનું વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. શણગારેલા બેડા-કળશ અને ગહુલી સાથે શ્રાવિકાઓ અને શ્રાવકા અને શ્રાવકો ઉમંગ ભેર જોડાઈ મ.સા.ના પ્રવેશ આગમનને હોંશભેર વધાવ્યું હતું.













**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/3 મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# નાકોડા તીર્થધામે જ્ઞાનોત્સવ પર્વ શિબિર આયોજન સંપન્ન થયું





ગુરૂ 'ગુણ'ના શિષ્યવંત ગુરૂ ગુણોદયના આજ્ઞાવંત ગુરૂસર્વોદયના કૃપાવંત એવા ગુરૂદેવ આધ્યાત્મ યોગી પ.પૂ. ઉદયરત્નસાગરજી મ.સા.એવંમ યુવા મુનિ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં તા. ૨૯ તથા ૩૦ જૂન શનિવાર અને રવિવારના રોજ દ્વિદિવસીય જ્ઞાનોત્સવ પર્વ-શિબિર નાકોડા તીર્થધામ મધે શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના ઉપક્રમે યોજાઈ હતી જે સફળતાને વરી હતી. વિશિષ્ટ જ્ઞાનરૂચિ મેળવવા કચ્છી સમાજના તેમજ ઈતર ગુરૂભકતજનો શ્રાવક-શ્રાવિકોઓએ આ શિબિર જ્ઞાનોત્સવ પર્વનો બહુલક્ષી લાભ લીધો હતો.





## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# હુબલી સંઘમાં ધામધૂમથી ચાતુર્માસ પ્રવેશ થયો






શનિવાર તા.૬ જુલાઈ રોજ દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ કર્ણાટક રાજ્યના ધમધમતા હુબલી નગરના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘમાં દક્ષિણ દિપક મુનિપ્રવર પ.પૂ.શ્રી ધર્મસાગરજી મ.સા., સરલ સ્વભાવી મુનિશ્રી રાજશેખર સાગરજી મ.સા., પ્રવચન પ્રભાવક ધર્મશેખરસાગરજી મ.સા. આદિ ઠાણા-૩નો ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો. સકળ સંઘના શ્રાવક, શ્રાવિકો અને બાળકો સમેત સૌ ઉત્સાહપૂર્વક સામૈયું કર્યું હતું. આનંદ ઉત્સાહની લાગણીઓ સૌના હૈયે ઉમટી રહી હતી. ચાર માસ ધર્મ ધ્યાન અને ગુરૂવાણીના શ્રવણથી ધન્ય ધન્ય બનશે એનો ઉમંગ હતો.




# સાંયરા સમાચાર

રવિવાર, ૧૬-૬-૨૦૧૯ના શ્રી હીનાબાઇ રતીલાલ ધ્રોળ પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં તબલચી દેવન્દ્રભાઇ પટેલ વરાડીયાવાલા, પ્રેમચંદ મોમાયા, વાલજીભાઇ ખોના, મહેન્દ્રભાઇ લોડાયા, કસ્તુરીબાઇ લોડાયા સારી રમઝટ બજાવેલ. ૧૭-૬-૨૦૧૯ શ્રી હીનાબાઇ રતીલાલ ધ્રોળ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. પૂનમના દર્શન કરવા મુંબઇ થી રતીલાલભાઇ ધ્રોળ તથા હીરાચંદભાઇ ધ્રોળ ગાંધીધામથી હરીશભાઇ ધ્રોળ, વારાપધરથી પ્રેમચંદ મોમાયા, કલ્પેશ મોમાયા, હીરાચંદ ગોસર, રાજકોટથી અતુલભાઇ પટેલ પધાર્યા હતા અને લાભ લીધો હતો.

# શ્રી અનંતનાથજી દેરાસરે પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી મૌનગુણાશ્રીજી મ.સા.નો ચાર્તુમાસ પ્રવેશ





તા.૬ જુલાઈ શનિવાર રોજ મસ્જિદ બંદર વિસ્તારના પુણ્ય ધામ અને ભક્તિ સ્થળ શ્રી અનંતનાથજી દેરાસર ખાતે પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી મૌન ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનો ભવ્યાતિ ભવ્ય રીતે ચાર્તુમાસ મંગલ પ્રવેશ થયો. આ શુભ અવસરે શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા કામળી વહોરાવવામાં આવી અને શ્રી સંઘે અનુમોદના કરેલ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ધન્ય ઘડીને વધાવતા સામૈયામાં સામેલ થયા હતા. શ્રાવિકા બહેનો સુશોભિત કળશ, શ્રીફળ શીરે ધરી વધાવ્યા હતા.





## ભૂમિરાજ ગ્રુપના ભૂપેન્દ્ર એમ.શાહને નેશનલ રીઅલ એસ્ટેટ લીડરશીપ એવોર્ડ મળ્યો




ભૂમિરાજ ગ્રુપના ચીફ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી ભૂપેન્દ્ર એમ. શાહને ભૂમિરાજ હિલ્સ, સી.બી.ડી. બેલાપુરના પ્રોજેક્ટ માટે બેસ્ટ લક્ઝરી પ્રોજેક્ટ ઓફ ધ યર એવોર્ડ તા.૫ જુલાઈ શુક્રવારના તાજલેન્ડ એન્ડમાં આયોજિત ભવ્ય સમારોહમાં ઝી બિઝનેસ આયોજિત રીઅલ એસ્ટેટ લીડરશીપ પ્રોગ્રામ અંતર્ગત અપાયો.



# શ્રી કોઠારા જૈન મહિલા મંડળનો આગામી કાર્યક્રમ

શ્રી કોઠારા જૈન મહિલામંડળનો આગામી કાર્યક્રમ તા. ૧૩-૭-૨૦૧૯, શનિવાર, બપોરના ૨.૩૦ વાગ્યે, દેવપૂંજ હોલ, વાલજી લધા રોડ, મુલુંડ-વેસ્ટ તો આવો બહેનો આપણે હંસાબેન ગાલા પાસેથી સ્વહસ્તે બનાવતાં શીખીએ 'સીઝલર્સ' જેવા કે પાંચ ટાઈમના સીઝલર્સના સોસ, સ્ટફીંગ, સર્વ કેમ કરવું કટલેસ, બેઝીક આઈટમ્સ સાથે સાથે જૈન સીઝલર્સ, ઈટાલીયન સીઝલર્સ, ચાઈનીઝ સીઝલર્સ, મીક્ષ એન્ડ મેચ સીઝલર્સ પ્રેક્ટીકલી જુઓ જાણો અને બનાવી આનંદ લો. તો ચાલો મળીએ. કમિટિ મેમ્બર્સને નામ નોંધવવા વિનંતી. ગેસ્ટ આવકાર્ય. સંપર્ક : ૯૮૧૯૬૪૩૩૩૭, ૯૯૨૦૫૮૫૧૫૧.

# શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં મહામહિમાવંત શ્રી નમિઉણ તપ

અચલગચ્છીય તપચક્ર ચક્રવર્તી ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તી પ.પૂ.મુનીશ્રી કમલપ્રભસાગર મહારાજ સાહેબની પાવન નિશ્રામાં મહામહિમાવંત શ્રી નમિઉણ તપનો પ્રારંભ તા.૧૧ જુલાઈ ગુરૂવારથી તા.૨૦ ઓગસ્ટ ૨૦૧૯ મંગળવાર સુધી કરાયો છે. પ્રથમ છઠ તપ તા.૧૫ તથા ૧૬ જુલાઈ, બીજી છઠ તા.૩૦ તથા ૩૧ જુલાઈ, અઠમ તપ તા.૪,૫,૬ ઓગસ્ટના બાકી એકાંતરા ઉપવાસ રહેશે. સાંજનું બિયાસણું શ્રી સંઘમાં રહેશે.

જાગૃત અધિષ્ઠાયક શ્રી ધરેન્દ્ર દેવ અને મા પદ્માવતી દેવી પરિપૂજિત કલિકાલ કલ્પતરૂ પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્વયં મહાન યંત્ર સમાન છે. જેની અંદર રહેલ ૧૮ અક્ષરનો નમિઉણ મંત્ર પાર્શ્વનાથ પ્રભુના સાક્ષાત દર્શન તુલ્ય ફળ પ્રાપ્ત કરાવી ૧૮ પાપનો નાશ કરનાર છે. તેવા નમિ ઉણ સ્ત્રોતની તપ દ્વારા આરાધના કરવી એ તારક તંત્ર છે. આવા તારક યંત્ર-મંત્ર-તંત્રની આરાધના, પરમાત્માની છત્રછાયામાં ગુરૂદેવની નિશ્રાએ કરવી એ ખરેખર અમૂલ્ય તક છે. તો સત્વરે તપમાં જોડાઈ, તકને વધાવી લઈને જીવનને સફળ બનાવીએ.

૧૨૦૦૦ આયંબિલ અભિયાન, નહીં ચાનો કપ નહીં વિગઈઓની લપછપ, માત્ર કર્મ નિર્જરાનો ખપ અહો આવો અદ્ભૂત આયંબિલ તપ, બારતિથિએ આયંબિલ કરીએ તો ચાર મહિનામાં ૪૮ આયંબિલ સહેજે થઈ જાય. શ્રી સંઘના શ્રેયાર્થે ૧૨૦૦૦ આયંબિલના સામૂહિક શુભ સંકલ્પમાં સૌએ જોડાવાનો સંકલ્પ કરે.



## કચ્છ શક્તિ સમાજ રત્ન એવોર્ડથી સન્માનિત કેતન નાગડા

આવઈ અષાઢી બીજ, કચ્છી નવા વર્ષની ૩૯મા વર્ષની ઉજવણી કચ્છ શક્તિ દ્વારા તા.૪ જુલાઈ ગુરૂવાર સાંજે ૬ કલાકે યોગી સભાગૃહ, દાદર (પૂર્વ)માં કરાઈ. જેમાં વિવિધ ક્ષેત્રમાં નામ મેળવેલ કચ્છી રત્નોને એવોર્ડથી સન્માનિત કરાયા. આમાં નાંદેડના કેતન નાગડાને સમાજ રત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ માંડવીના અને ૧૯૬૯થી નિઝામાબાદમાં નાનકડી જગ્યામાં નાના પાયે શરૂઆત કરનાર કાનજીભાઈ ભીમાણીની કું શ્રી ગજાનન ઈન્ડસ્ટ્રીઝને ૩૧ મા જમનાલાલ બજાજ ફેર બિઝનેસ પ્રેકટિસ (ઉચિત વ્યવહાર) એવોર્ડ માટે પસંદ કરવામાં આવી છે. ૧૨૫ કરોડનું ટર્નઓવર ધરાવતી કું. ચોખા ઉત્પાદન ક્ષેત્રની અગ્રણી ગણાય છે અને અનેક સમાજપયોગી કાર્યમાં પણ યોગદાન આપી રહી છે. કું. ડાયરેક્ટર તરીકે તે હરગોવિંદભાઈ ભીમાણી અને મહેન્દ્રભાઈ ભીમાણી છે.

● મુલુંડની ગૌશાળામાં આર્થિક લાભ ખાટવા કેટલાક વહીવટકારો દ્વારા પાયે બાંધકામ કરાઈ રહ્યું છે. મુલુંડ ગૌશાળા નથુરામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાય છે. પરંતુ હાલમાં બહુમાળી ઈમારતોનું નિર્માણ કરાતું હોવાનો આક્ષેપ છે. ભરૂડિયા કચ્છના એકલધામના મહંત દેવનાથબાપુએ ગાય સહિતના જીવોની દયનીય પ્રવૃતિનો કયાસ કાઢ્યા બાદ મુલુંડ ખાતે આંદોલન શરૂ કરવાનું જણાવ્યું હતું.

● આગામી ચોમાસામાં વરસાદનો વર્તારો કેવો હશે? તેની બાજી કુદરતના હાથમાં છે. પણ જંગલ વાડીઓમાં રાયણનાં વૃક્ષોમાં રાયણ ફળોના પાકથી વૃક્ષો ભરચક છે. અનુભવીઓના અનુમાન પ્રમાણે આ વર્ષના ચોમાસામાં મેઘરાજાની મહેરથી સારો વરસાદ થવાના એંધાણ વર્તાય છે. રાયણના ફળો સતવારા, કોલી, પારાધી જેવા શ્રમજીવી વર્ગના લોકો ઊભાવૃક્ષે લાગેલા ફાલ વાડીના માલિક પાસેથી ઉધડકમાં ખરીદી ફાલ ઉતારી બજારમાં લઈ વેચે છે.

● મહાવીર પ્રભુના ૨૬૧૮માં જન્મ કલ્યાણકની જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે વિવિધ દાતાઓના સૌજન્યથી ભુજ તેમજ માંડવી વિસ્તારમાં અનુકંપાના કાર્યો જેમાં ગૌ વંશને ઘાસચારો, લાડુ શ્વાનોને રોટલા પક્ષીને ચણ અપાયું હતું. રંક પરિવારોને બુઝર્ગો નિરાધારો વિગેરેને મિષ્ટાનું ફરસાણ ફૂટ વિતરણ કરાયું. દર્દીઓને શીરો, ફ્રૂટ, બિસ્કીટ તથા દવા લાવી અપાઈ હતી. શ્રી ક.વી.ઓ જૈન મહાજન ભુજ દ્વારા સંચાલિત મહાજનનું મામેરૂ યોજના સંતર્ગત ૨૨૭મી દીકરીના લગ્ન પ્રસંગે મામેરૂ કરાયું. મહાજન દ્વારા કન્યાને રૂા. ૧૧ હજારના બોન્ડ ઉપરાંત વિવિધ દાતાઓ દ્વારા ભેટ અપાઈ હતી.

● ભુજ અને ગાંધીધામ રેલ્વે સ્ટેશનો ખાતે હવેથી પ્રવાસીઓ ખાસ કરીને વયસ્કોને વેઠતી તકલીફને નિવારવા એસ્કેલેટર સ્વયં સંચાલિત સીડીના સુવિધા કાર્યાન્વિત કરાઈ છે. આ બન્ને રેલ્વે સ્ટેશનોમાં અંદાજે ૧ કરોડથી વધુ રકમના ખર્ચે આ સુવિધા પ્રવાસીઓને પૂરી પડાઈ છે.

● ભુજના ૨૭ વર્ષીય હાઈટેક કી મેકર સુનીલ સિંહ ગુરૂ બચ્ચન સિંહ સરદાર જે બબલું નામ પ્રખ્યાત નામ છે. એ ઘર, દુકાન, ટુ વ્હીલર, ફોર વ્હીલર કે તિજોરીની ચાવી ચપટીભરમાં બનાવી દે છે. મૂળ ચંડીગઢના આ પરિવાર ૫૦ વર્ષથી ભુજમાં વસે છે. આ કામ સાવચેતી અને સલામતી ભર્યુ રાખવા તેનો કોઈ દુરઉપયોગ ન કરે એ માટે સજાગતા રાખે છે. જે કોઈ તેની સેવા લેવા આવે તેની પાસેથી આઈ ડી પ્રુફ, આધાર કાર્ડ, આર.સી.બુક અને માલિક પોતે જાતે ગાડીને લઈ આવે તો જ કેસ હાથમાં લે અને પોતાના કોમ્પ્યુટરમાં ગાડી માલિકનો ફોટો પુરાવાના રેકોર્ડ સેવ કરે છે. કચ્છના પોશ કાર શો રૂમના માલિકો કારની ચાવીનો મામલો હોય તો બબલુ કી મેકરને તેડાવે છે.

● ગાંધીધામની મારવાડી યુવા મંચ અને જાગૃતિ શાળાના ઉપક્રમે નિઃશુલ્ક રાગ નિદાન શિબિર બાળકો માટે આયોજિત કરાઈ હતી. બાળકો-બાળકીઓના દાંતના તપાસ કરવામાં આવી હતી. તબીબોની ટીમે બાળકોને દાંતની જાળવણી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# મંજલ રેલડીયામાં તળાવની સાફસફાઇ

મંજલ રેલડીયામાં આવેલ લાખાસર તળાવની સાફસફાઈનું કામ ગામના મુરબ્બી સંનિષ્ઠ કાર્યકર શ્રી લક્ષ્મીચંદભાઈ પાસુભાઈ ગોસરની નીગરાની હેઠળ ચાલુ છે. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકર મ.સા. ની પ્રેરણાથી ક.દ.ઓ. મહાજનના જયેશભાઇ લાલકા ગામ બાંઢીયાવાળાએ G.C.B. નું કામ ફ્રી કરી આપેલ છે. હવે જે બાકી કામ રહે છે તે આપણા ખર્ચે કરવું પડશે.

આ ખર્ચ માટે ૧) શ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર, ૨) શ્રી આદિશ્વર મહારાજ જૈન દેરાસર, ૩) શ્રી મંજલ રેલડીયા અ.જૈન સંઘ, ૪) શ્રી કલ્યાણજીભાઈ હીરજી વોરા, ૫) શ્રી પ્રફુલભાઈ ધનજી લોડાયા, ૬) માતુશ્રી જયાબાઈ શામજી ગોસર, ૭) શ્રીમતી કલાવંતી મોહનલાલ ગડા, ૮) શ્રીમતી મધુ હુકમચંદ ધરમશીએ સહયોગ આપેલ છે. જેમણેપણ સહકાર આપવો હોય તેઓ શ્રી લક્ષ્મીચંદભાઈ-૯૮૨૦૩ ૫૨૩૯૧નો સંપર્ક કરે.

# મુલુન્ડ મધ્યે આંખોની મફત ચકાસણીનો કેમ્પ યોજાયો

જાણીતા ઈન્સ્યુરન્સ એજન્ટ અને ફાઈનાન્શિલ સર્વીસ પ્રોવાઈડર આયોજક શ્રી બિપીન પાશ્વીર નાગડા દ્વારા આંખોની મફત ચકાસણીનો કેમ્પ રવિવાર, ૩૦ જુન ૨૦૧૯ના કોન્ટાકેર આઈ હોસ્પિટલ, મુલુન્ડ (વેસ્ટ) મધ્યે રાખવામાં આવેલ હતો, જેમાં આંખોને લગતા વિવિધ પ્રકારના રોગોની ચકાસણી કરવામાં આવી હતી, જેનો ૧૨૫ થી વધુ કેડીઓ ભાઈ - બહેનો એ લાભ લીધેલ હતો.

આ કેમ્પ દરમ્યાન જ્ઞાતિજનોના ત્રણ ઓપરેશન તથા ત્રણ ચશ્માની વ્યવસ્થા આયોજક શ્રી બિપીન પાશ્વીર નાગડા તથા કોન્ટાકેર આઈ હોસ્પિટલ ના સહયોગ થી ૫૦% રાહત દરે કરી આપવાની સવલત આપવામાં આવી હતી.



# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૫-૨૦૧૯ | ગોપાલપુરી | ફલક બીજલ ભાવીન ગોસર | બારોઈ | પુત્રી |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૬-૨૦૧૯ | ભદ્રા | બાબુલાલ રામજી ખોના | ગોરખડી | ૭૯ |
| ૩૦-૦૬-૨૦૧૯ | ઘાટકોપર (પ.) | નવીન ધનજી દંડ | કોઠારા | ૬૬ |
| ૩૦-૦૬-૨૦૧૯ | મસ્જિદ | નરેન્દ્ર પદમશી મૈશેરી | રાપર | ૬૫ |
| ૦૨-૦૭-૨૦૧૯ | ભાંડુપ (પ) | વીરચંદ શામજી મૈશેરી | લાલા | ૭૮ |
| ૦૪-૦૭-૨૦૧૯ | વારાપધર | જયા હંસરાજ વિકમશી | વારાપધર | ૬૪ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ઘાટકોપર | તિલકસુંદરી માણેકજી મોતા | કોઠારા | ૮૫ |
| ૦૫-૦૭-૨૦૧૯ | ભાંડુપ (પ) | લક્ષ્મીબેન ખેતશી છેડા | નલીયા | ૮૯ |
| ૦૫-૦૭-૨૦૧૯ | ઈંદોર | મધુરી લક્ષ્મીચંદ દંડ | તેરા | ૭૫ |
| ૦૬-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | પ્રેમાબાઈ મણશી લોડાયા | કોઠારા | ૯૦ |

# શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વે. જૈન સંઘ

ઉપરોક્ત સંસ્થાના બંધારણ મુજબ તા. ૩૧-૦૭-૨૦૧૯ સુધી જે વ્યક્તિ સામાન્ય સભ્ય તરીકે નોંધાઇ હશે તેને જ સંસ્થાની સવંત ૨૦૭૬ થી ૨૦૭૮ સુધીના કાર્યકાળ માટે થનાર ચુંટણીમાં ઉમેદવારી તેમજ મતદાન કરવાનો અધિકાર રહેશે.






# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ
દ્વારા સંચાલિત

## અનંત પેથોલોજી લેબ

**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...**

આપ સૌ વડીલ જ્ઞાતિજનોના આશિર્વાદથી અનંત પેથોલોજી લેબ ના ૨ વર્ષની સફળ મંજિલ તથા ૧૦૦૦૦ વ્યક્તિઓ એ વિવિધ પેથોલોજી ટેસ્ટ નો લાભ લીધેલ છે ઉજવણી રૂપે અનંત પેથોલોજી લેબ દ્વારા જ્ઞાતિજનો માટે તા. ૧૩-૭-૧૯ ને શનિવારના આંખ તથા મધુપ્રમેહ (ડાયબિટિસ) માટે ફ્રી (મફત) ચિકિત્સા....

૧) આંખ માટે - ડૉ કુશલ શાહ Fellow Cornea, DNB (Oph) (ક.દ.ઓ. માટે)

૨) મધુપ્રમેહ (ડાયબિટિસ) - ડૉ. પ્રાંજલિ શાહ (ક.દ.ઓ. માટે) MBBS, F.Diab (Chennai), P.G. Dip. Diab (Chennai)

આપ આપનું નામ તા.૧૨-૭-૧૯ સુધી સમય સવારે ૯ થી સાંજે ૮ સુધી અનંત પેથોલોજી લેબ ફોન મો.:8879990987, ટેલીફોન : 022-25640987 નોંધાવી લેશોજી (વહેલો તે પહેલોના ધોરણે)

તદ્ઉપરાંત દરેક વ્યક્તિ માટે તા. ૧૩-૭-૧૯ થી તા. ૧૯-૭-૧૯ દરમ્યાન દાંતની ચિકિત્સા DENTCURE ડૉ. ઉર્વી શાહ (ડેન્ટલ સર્જન) દ્વારા ફ્રી ચિકિત્સા અને પેથોલોજી લેબની કોઈપણ ચિકિત્સા માટે 10% વળતર (ડીસ્કાઉન્ટ) અને મેટ્રોપોલિસ દ્વારા ચિકિત્સામાં 5% વળતર (ડીસ્કાઉન્ટ) આપવામાં આવશે.

## અનંત પેથોલોજી લેબ

WE CARE

૫, ગ્રાઉન્ડ ફ્લોર, લાધાણી હાઉસ, વાલજી લધ્ધા રોડ, હિરા મોંગી હોસ્પીટલની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## LAB TEST REPORT "RATE CHART" ON CHARITY BASE

| | |
|---|---|
| **HAEMATOLOGY** | |
| CBC MP | 130 |
| CBC | 80 |
| MP | 50 |
| ESR | 30 |
| CBC ESR | 110 |
| G6PD (QUANTITATIVE) | 350 |
| BT CT | 60 |
| ABSOLUTE EOSINOPHIL COUNT | 100 |
| BLOOD GROUP | 50 |
| MICROFILARIA | 100 |
| PT.INR (PROTHROMBIN TIME) | 150 |
| RETICULOCYTE COUNT | 120 |
| PTT | 200 |
| **BIOCHEMISTRY** | |
| BLOOD SUGAR | 60 |
| BLOOD SUGAR (ONE SAMPLE) | 30 |
| GTT | 150 |
| UREA | 70 |
| BUN | 70 |
| CREAT | 70 |
| CALCIUM | 70 |
| SODIUM | 150 |
| POTASSIUM | 150 |
| CHLORIDE | 150 |
| URIC ACID | 70 |
| PHOSPHORUS | 100 |
| CHOLESTROL | 70 |
| TRIGLYCERSTROL | 70 |
| HDL CHOLESTROL | 70 |
| SGOT | 70 |
| SGPT | 70 |
| BILIRUBIN | 70 |
| PROTEIN | 70 |
| ALKALINE PHOSPHATE | 70 |

| | |
|---|---|
| AMYLASE | 250 |
| LYPASE | 250 |
| BICARBONATE | 350 |
| MAGNESIUM | 350 |
| **PROFILE TEST** | |
| RENAL PROFILE | 450 |
| LIVER PROFILE | 350 |
| LIPID PROFILE | 250 |
| ANTI NATAL CARE (ANC) | 500 |
| ELECTROLYTES | 200 |
| **CARDIAC MARKERS** | |
| CPK | 300 |
| LDH | 350 |
| CPK MB | 300 |
| **CLINICAL PATHOLOGY** | |
| URINE ROUTINE | 40 |
| STOOL ROUTINE | 40 |
| STOOL HANGING DROP | 100 |
| SEMEN ANALYSIS | 150 |
| BENCE JONCE PROTEINS | 300 |
| 24 HRS URINARY PROTEIN | 350 |
| URINE PREGNANCY TEST | 70 |
| **SEROLOGY TEST** | |
| HIV | 200 |
| HBsAG | 150 |
| HCV | 250 |
| DENGUE Ns1 | 500 |
| DENGUE - Igg- IgM | 800 |
| DENGUE NS1+Igg IgM | 1000 |
| LEPTOSPIRA IgM | 500 |
| CRP (Turbi) | 250 |
| RA FACTOR (Turbi) | 250 |
| ASO TITRE (Turbi) | 250 |
| VDRL | 100 |
| WIDAL | 70 |

| | |
|---|---|
| MALARIA ANTIGEN | 250 |
| TT | 50 |
| **SPECIAL TEST** | |
| DENGUE (ELISA) Igg / IgM / NS1 | 1800 |
| TROP I | 700 |
| TROP T | 1000 |
| HBA1C | 350 |
| IONISED CALCIUM | 350 |
| T3 T4 TSH | 350 |
| VIT D3 | 850 |
| VIT B12 | 650 |
| BETA HCG | 400 |
| IGE | 750 |
| Ft3 Ft4 TSH | 450 |
| PSA | 600 |
| FSH | 275 |
| PROLACTIN | 275 |
| ESTRADIOL (E2) | 600 |
| CORTISOL | 600 |
| AMMONIA | 700 |
| AMH | 1700 |
| ***SUPER SPECIAL TEST** | |
| STOOL CULTURE | 400 |
| PUS CULTURE | 700 |
| BLOOD CULTURE | 1000 |
| URINE CULTURE | 400 |
| CYTOLOGY FLUID | 500 |
| FNAC | 1000+ |
| FUNGAL SMEAR | 200 |
| CORNEAL | 300 |
| PLEURAL FLUID | 500 |
| ASCITIC FLUID | 500 |
| BODY FLUID (CSF) | 500 |
| PAP SMEAR | 600 |
| ADA | 500 |
| FERRITIN | 700 |




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO